સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

વિનય, વિવેક-નમ્રતા હવે પોથીમાં રહી છે,
સ્નેહ-સદ્‌ભાવની ભાષા માત્ર દંભમાં રહી છે,
રહી છે પૂતળામાં માત્ર 'એકતા' લોખંડી બૂર્ખે!
ચૂંટણી પંચ હિસાબે થોડી ઘણી શરમ રહી છે!

હાઈકુ

ગીલ સાહેબ!
કલીન ચીટ લઉં કે?!
લ્યો ને 'બાવીસ'! (૧૦+૧૨)
(ગોધરાની વાડીનાં રીંગણાં)

ચૂંટણીઓમાં
અદાણી-અંબાણીનું
નિકળે 'તેલ'
(રેલીઓના ખર્ચા)

ચિંતન

'સા-ક્ષ-રા' વિપરીતાશ્ચેદ્‌રાક્ષસા એવ કેવલમ્ ।
'સ-ર-સો' વિપરીતશ્ચેત્સરસત્વં ન મુંચતિ ॥

સુભાષિત રત્ન ભાંડાગારનો 'સામાન્ય નીતિ' નામના બીજા અધ્યાયનો આ શ્લોક છે. 'સાક્ષરા (જેનો અર્થ વિદ્વાનો થાય) એ શબ્દ જો સ્વભાવે-આચરણને વિપરીત હોય તો તે કેવળ 'રાક્ષસ' થઈ જાય છે-આ અપ્રગટ અર્થનો સામાન્ય વાચ્યાર્થ આવો છે. 'સાક્ષરા' શબ્દને ઉલટાવો તો 'રાક્ષસ' થઈ જાય છે. પરંતુ જો 'સરસ' સજ્જન-સંત હૃદય વ્યકિત હોય તો બાહ્ય રીતે અને અંતરથી સ્વભાવે-વર્તને એક જ હોય અર્થાત તેના 'સરસત્વ'માં દંભ દેખાડો ન હોય તો એ કોઈ પણ સંજોગો વિપરીત સંજોગોમાં પણ 'સરસ' સજ્જન જ રહે છે-આનો વાચ્યાર્થ-'સરસ' શબ્દને ઉલ્ટાવીને વાંચો તો પણ 'સરસ' જ વંચાય છે.'

માણસ કેવી પરિસ્થિતિમાં કેવી રીતે વર્તન કરે છે એના પરથી તેનું મૂલ્ય-પરખ થાય છે સાવ સામાન્ય પરિસ્થિતિમાં પણ થોડી દખલ-મુશ્કેલી આવી પડે ત્યારે ધૈર્ય-ક્રોધ પર કાબૂ ગુમાવી 'રાક્ષસ' જેવું વર્તન કરનાર સાક્ષર-વિદ્વાન નથી-સમજુ નથી-માત્ર ડીગ્રીનો અર્થ નથી. વિપરીત-ઉલ્ટી પરિસ્થિતિમાં પણ માણસ તટસ્થ-સ્થિત રહે એ જ મહત્વનું છે.

સરસ-સજ્જન-સંતનો સ્વભાવ ધીરજવાળો તાટસ્થ્ય પૂર્ણ-સમત્વ ધરાવતો સદાય એક જ રીતનો રહી બધી જ પરિસ્થિતિમાં સરખો જ.

અહીં સાક્ષરા ઉલ્ટાવી રાક્ષસા અને 'સરસ' શબ્દ ઉલ્ટાવી આ વાત સમજાવવામાં આવી છે.

સુવિચાર

- પરાજય પામનારા, પૂછવું છે? વિજય મળવા છતાં હું કા રડયો છું? તમે શોધો તમોને એ જ રીતે, હું ખોવાયો પછી મુજને જડયો છું - **શયદા**
- ટીમ હોવાનો એક આડકતરો ફાયદો છે.. અપજશ ઓઢાડવા માટે કોઈક મળી રહે છે- **ગ્રેગ ચેપલ**
- મોટા ભાગના લોકો ધર્મનો પોતાને મનગમતો અર્થ કરે છે એટલે જ સગવડીયો ધર્મ સૌથી લોકપ્રિય બન્યો છે - **એસ. ભટ્ટાચાર્ય**
- 'હે પ્રભુ! હું જીવું ત્યાં સુધી મને કામ આપ અને મારૂ કાર્ય પુરૂં થાય ત્યાં સુધી જીવન' - **ફાધર વાલેસ**
- કેક કરતાં મિણબત્તીનો ખર્ચો વધુ આવે ત્યારે સમજી જાવું કે તમે વૃધ્ધ થઈ રહ્યા છો - **સ્પેનીશ કહેવત**
- જે માણસમાં પોતામાં સંગીત ન હોય કે જેના પર સંગીતનો પ્રભાવ ન હોય એ માણસનો કદી ભરોસો ન કરવો - **માનસ સૂત્ર**
- સંબંધમાંથી શ્રધ્ધા જાય પછી તેનું શ્રાધ્ધ કરવાનો કોઈ અર્થ નથી - **ઓશો**

બોધ કથા

આપણે દાન-પુણ્ય કે ભલમનસાઈ કરીએ છીએ એમાં આપને હૃદયથી આનંદ મળે છે અને આત્માને મેં કંઈક સારું કામ કર્યું એવો સંતોષ મળે છે. જો આવી ભાવનાથી જ સત્કર્મો કરવામાં આવે તો જ એ સાચું સત્કાર્ય છે. બાકી ૮૦-જીના લાભ માટે, તકતી-માન-સન્માન મોભા માટે કરવામાં આવતાં દાન-પુણ્ય-'વાહ-વાહ'ના છંટકાવથી જ ધોવાઈ જાય છે.

હિન્દી સાહિત્યના પ્રસિદ્ધ કવિ નિરાલાજીનું એક કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં વસ્ત્રો, છત્રી અને પુસ્તકો સાથે રકમનું કવર પણ હતું-ભર બપોરે આ બધું લઈ નિરાલાજી ઘેર જતા હતા ત્યાં તડકામાં ખુલ્લે પગે, ફાટેલો ગંજી, પરસેવે રેબઝેબ અને ઉતરેલ ચહેરવાળો એક મજૂર જોયો-મજૂરે કવિ સામે એક યાચક દૃષ્ટિ કરી.

કવિ હૃદય તરત પારીખ ગયા-પૂછ્યું, 'ભાઈ તને કંઈ જોઈએ છે?'

મજૂરની આંખના ખૂણા ઉભરાયા કહ્યું-આજે મને કંઈ મજૂરી નથી મળી -કાલનો ભૂખ્યો છું.

નિરાલાજીએ એનો હાથ પકડી કહ્યું મારી સાથે મારે ઘેર ચાલ-કવિએ મજૂરને ભરપેટે જમાડયો-વસ્ત્રો અને પગરખાં આપ્યા અને થોડા પૈસા પણ હાથમાં આપ્યા. કવિનો કરૂણાભાવ માણી મજૂર રડી પડયો.

કવિ મિત્રને જયારે ખબર પડી ત્યારે પૂછ્યું તમે માન-સન્માનની વસ્તુઓ શા માટે આપી દીધી?

કવિ કહે મેં મારું દુખ ઓછું કરવા જ જે કંઈ કર્યું તે કર્યું.

Email - sureshchandrabhatt18@gmail.com

ડ્યુટી પ્રત્યે રવજી એટલે સજાગ રહેતો કે તેની પત્નીએ તેને જગાડયો હોય તેવું કયારેય બન્યું ન હતું, તે પોતે છ વાગ્યે પથારીમાંતી ઊભો થઈ જતો

નવાં ક્લેવર
- નટવર હેડાઉ

સમય જાણે કે અટકી ગયો. રવજી સરકારી કારખાનામાં મશીન ઓપરેટર હતો. લોખંડની મોટી મોટી સીટો જરૂરિયાત મુજબ કાપવાનું તેનું કામ હતું. તે યુવાનમાંથી પચાસની ઉંમરે કયારે પહોંચી ગયો તેની ખબર જ ન પડી. પાછું વળીને ને વિચારતાં તેને લાગતું કે આ તો હજુ કાલની વાત છે. જયારે ભરતી થયો ત્યારે તેની મુછોનો દોરો આછો આછો ફૂટ્યો હતો અને હવા વાળમાં મેંદી લગાવીને કાળા કરવાની જાણે કે મજબુરી આવી ગઇ છે.

કારખાનાનું ઇલેકટ્રીક સાયરન કર્મચારીઓને ડ્યુટી પર હાજર થવા માટે છ વાગ્યે વાગી ઉઠતું. વરસાદ હોય કે ઠંડી સાયરન નિયમિત વાગતું. એનો મતલબ એ હતોનું જે લોકો આળસ છોડી શક્યા નથી તે તાત્કાલિક માનસિક રૂપે તૈયાર થઇ જાય અને સમયસર કામ પર આવી જાય.

ફેબ્રુઆરીનો મહિનો હતો. ઠંડી પણ વધારે ન હતી અને ગરમી પણ વધુ નહોતી. પંખીઓનો કલરવ બંધ થઇ ગયો હશે. પોણા સાતની ચેવતણીની સાયરન વાગી તો પત્ની રમાને ચિંતા થઇ. રવજી માટે રોજ નાસ્તા માટે ગરમ રોટલો અને ચ્હા બનાવવાનો તેનો રવજી નિત્યક્રમ બની ગયો હતો. તેથી તે રસોડામાં ગઇ.

ડ્યુટી પ્રત્યે રવજી એટલે સજાગ રહેતો કે તેની પત્નીએ તેને જગાડયો હોય તેવું કયારેય બન્યું ન હતું. તે પોતે છ વાગ્યે પથારીમાંતી ઊભો થઇ જતો. નાહી ધોઇને તૈયાર થઇ જતો અને છ વાગ્યે નોકરીએ જતો રહેતો. તેનું કારખાનું નજીકમાં જ હતું. જતાં માંડ પાંચ સાત મિનિટ થતી.

આજે કોણ જાણે કેમ રસોડામાંથી અવાજ આવતો નથી. એમ લાગતાં તેની પત્ની રસોડામાંથી સીધી રવજીના રૂમમાં ગઇ. તેને જોયું તો રવજી નસકોરામાં બોલાવી રહ્યો હતો. પત્નીએ ગોદડું ખેંચ્યું. તે ભડકી ને ઊભો થઇ ગયો.

'શું છે સુવા કેમ નથી દેતી. કેવી સરસ ઉંઘ આવતી હતી.' રવજીએ કહ્યું.

'નોકરીએ જવાનું નથી. સાયરન તો ક્યારની વાગે છે. પત્ની એ કહ્યું, રવજી બોલ્યા 'દોડતા ઘોડાને ચાબુક શું કામ મારે છે. આજે મારે નોકરી પર નથી જવું. ઇચ્છા નથી. આવતી કાલે જઇશ. આજે મને બરાબર સુઇ લેવા દે.' રવજી એ કહ્યું તેથી તેની પત્ની કંઇ બોલી નહીં તે ઘરનાં બીજા કામ પતાવવા ચાલી ગિ.

સરકારી નોકર હતો. કુટુંબનું ભરણપોષણ આસાનીથી થતું હતું. બે બાળકોનું કુટુંબ, પહેલાં દીકરી થયેલી. તેનું નામ તેની દાદીએ લાડમાં શ્યામા રાખ્યું. તેના માટે રમાની શું ઇચ્છા છે તે જાણવાની જરૂર નહોતી. બંને બાળકોનાં નામ દાદીએ જ રાખ્યાં હતા. બાળકો મોટા થતાં ગયા. રવજીએ એટલો પગાર મળતો જેમાં કુટુંબને કોઇ વાતની મુશ્કેલી ન પડતી. ઘરવખતરીમાં પણ કંઇ બાકી ન હતું.

કિશોરીમાંથી યુવતી બની ગઇ. તે સ્નાતકની પરીક્ષામાં બેસવાની તૈયારી કરતી હતી. સરી આવતો શીતળ પવન તેનાં યૌવનને ઉશ્કેરતો હતો. પતિ-પત્ની બંને તેનાં લગ્ન માટે ચિંતા કરવા લાગ્યાં. દીકરી માટે બંનેએ ઘણાં સપનાં જોયાં હતા. રમાએ દીકરીને દીકરા વચ્ચે કોઇ ભેદભાવ રાખ્યો ન હતો. તેમાં પણ શ્યામાને ખુબ વહાલ કરતી અને મહત્ત્વ પણ આપતી.

આજના બદલતા સમયમાં સ્ત્રીઓ પણ પુરૂષો સાથે ખભેખભા મિલાવીને આગળ વધી રહી છે ત્યારે તેમાં ભેદભાવ કેવો, સાંજે રવજી આગળના ઓરડામાં બેઠો હતો ત્યાં રમા ચ્હા લઇને આવી. સાથે સાંજ માટે શાક પણ સમારવાનું હોવાથી થાળીમાં રીંગણ - બટાકા ને ચપ્પું પણ હતું.

'લ્યો ચ્હા પીસો' તેણે શાકની થાળી હાથમાં લીધી.

ચ્હા પણ કેવી ચીજ છે મહેમાનોના સ્વાગત માટે અનિવાર્ય બની ગઇ છે. ગરીબ, મધ્યમ કે ઉચ્ચવર્ગ હોય બધાને સવાર સાંજ ચ્હા તો જોઇએ જ. અંગ્રેજ જતા રહ્યા ને રહી મુકી ગયા. જે ભારતવાસીઓ પીધે રાખે છે.' રવજી બોલ્યો.

'તમે ચ્હાની ચર્ચા જ કર્યા કરશો કે પછી શ્યામા બાબતે પણ કંઇ વિચાર્યું. તેને એકવીસ થવા આવ્યા. તેના લગ્ન કરવાની ઇચ્છા નથી કે શું?' રમાએ કહ્યું, તેના માથા પર કચચલી સ્પષ્ટ દેખાતી હતી.

હાથ પર હાથ રાખીને બેસી રહેવાથી કંઇ થવાનું નથી. આ વાત મારા મગજમાં ક્યારથી ભમે છે. હવે માટે શું વિચારવું, હજુ તેની ભણવાની ઉંમર છે ભણવા દે' રવજીએ કહ્યું એટલે રમાને ગુસ્સો આવી ગયો. તે તેના સાસુજીને બોલાવી લાવી.

'જુઓ બા શ્યામાના લગ્નની વાત હું એમને કહું છું તો વાતને હવામાં ઉડાવી દે છે.'

'બેટા, દીકરીના લગ્ન સમયસર થઇ જાય એ બહુ જરૂરી છે. તેનું થઇ જાય એટલે ગંગા ન્હાયા. રમાની વાત સાચી છે. અત્યારથી છોકરાઓ જોવાનું ચાલુ કરો. ત્યારે જ તું સંબંધ નક્કી કરી શકી.' માં એ કહ્યું. હવે રવજી લગ્ન બાબતે વિચારવા મજબૂર બની ગયો. કયાંક શ્યામાનો પગ કયાંક આવો અવળો પડી ગયો તો આપણે કયાંયના નહીં રહીએ. નાત વાળા સૌ થુ થુ કરશે એ અલગ. માં નો પ્રશ્ન તેના મનમાં ઘુમરાવા લાગ્યા.

તને એમ લાગે છે કે મને તેનાં લગ્નની ચિંતા નથી. બસ તું જ એક એનું ભલું ઇચ્છે છે. મેં ઘણી જગ્યાએ વાત કરી છે. આપણા કારખાનામાં કામ કરતાં નવલશંકર ટર્નરે મને કાલે વાત કરેલી છે નડિયાદના નંદ કિશોરબાઇ નહેર વિભાગમાં મોટા અધિકારી છે. તેનો છોકરો સાયન્સમાં માસ્ટર ડિગ્રી લઇ હમણાં સરકારી ખાતામાં લાગ્યો છે. તું કહેતી હોય તો તેની સાથે વાત કરૂં' રવજીએ કહ્યું.

'મારે બીજું શું જોવાનું, મારે તો દીકરીના લગ્નથી મતલબ છે. છોકરો સારો હોવો જોઇએ. પોતાનું ઘર સારી રીતે ચલાવી શકે એટલે બસ. બીજું શું જોઇએ. શ્યામાની ઇચ્છા પણ જાળવી પડે. સારૂં ઘર અને નવર મળતો હોય તો નંદકિશોરભાઇ સાથે વાત કરવામાં વાંધો નથી. એક દિવસ જઇને છોકરો જોઇ લો અને વાત આગળ વધારો.' રમાએ કહ્યું. છોકરો જોવા હું નડિયાદ આવીશ. તે માટે બાએ પણ હા પાણી દીધી. રવજીને હવે કશી ફિકર ન રહી.

બીજા અઠવાડિયે પતિ પત્ની બંને ટ્રેનમાં સવારે દસ વાગ્યે નડિયાદ પહોંચ્યા. નંદ કિશોરભાઇનું ઘર સ્ટેશનથી લગભગ બે કી.મી. જેટલું દૂર હતું તેથી રીક્ષા કરી લીધી. સંજોગાવશાત તેઓની રીક્ષા નંદકિશોરભાઇના ઘરની સામે જઇ ઊભી રહી ત્યારે એ બહાર ખુરશીમાં બેસી છાપું વાંચતા હતા. તેમન`જોતાં જ એ ઊભા થઇ ગયાં બંનેનું સ્વાગત કર્યું તેમજ બેઠકરૂમમાં બેસાડ્યાં. ચ્હા નાસ્તાની સાથે સાથે આડીઅવળી વાતો થતી રહી. થોડીવાર પછી રવજીએ મૂળ વાત પર આવતા કહ્યું.

'ભાઇ અમે તમારી પાસે એક ખાસ વાત કરવા આવ્યાં છીએ.'

'બોલો... બોલો... સંકોચ રાખવાની કંઇ જરૂર નથી.'

'વાત એમ છે કે મારી દીકરી આ વર્ષે બી.એ. થઇ જશે. અને તમારો દીકરો એમ.એસ.સી. થઇ નોકરીએ લાગી ગયો છે. તો હું વિચારૂં છું કે તમારી સંમતિ હોય તો બંને વચ્ચે સંબંધો બંધાય. હું તમારા દીકરાનો હાથ માંગવા આવ્યો છું.' રવજીએ ચોખવટ કરી.

'મને નવલશંકરે બધી વાત કરી છે. આમ તો સુમંત કહે છે બે ત્રણ વર્ષ નોકરી કરૂં પછી લગ્ન અંગે વિચારજો પણ તમે તો ઓળખીતા છો પછી ના કઇ રીતે પાડું. કેમ સુમંત ની મમ્મી તારે શું કહેવું છે.' નંદ કિશોરભાઇએ પત્નીની સહમતિ માટે પુછ્યું. તે આવીને ખુરશીમાં બેઠાં.

'વાત જાણે એમ છે કે આર સુમંત માટે ઘણાં માંગા આવે છે. લોકો લાખો દેવા તૈયાર છે. પણ અમે દહેજમાં માનતા નથી. હાં તમારી દીકરી અને જમાઇ ને આવવા જવામાં તકલીફ ન પડે એ માટે એક મોટર સાયકલ આપજો. બાકી તો વહેવારમાં દીકરીને જે કંઇ અપાતું હોય તે દાગીના અને ઘરવખરી તો તે આપશો જ ને!' સુમંતની મમ્મીએ કહ્યું.

(ક્રમશઃ)

બાળકનો વિકાસ તથા રોગચિકિત્સા

નિરામય
- ડૉ. કેદાર ઉપાધ્યાય

ઈશ્વરના રૂપ સમા બાળકો ખૂબ વ્હાલા લાગે. તેને રમાડવાનું, તેની સાથે બાળક બનવાનું મન થાય. કોઈપણ મા-બાપ તથા પરિવારને નવજાત શિશિ અને તેના ઉછેર સંબંધે ચિંતા રહેતી હોય છે. આધુનિક શાસ્ત્રોએ બાળકના સામાન્ય વિકાસ સંબંધી શરીરનું વજન, માથાનો ઘેરાવો તથા ઉંચાઈને લગતા પરિણામો રજૂ કરેલ છે આ પરિમાણો બાળકની ઉંમરની સાપેક્ષે હોય છે. આ જ રીતે બાળકને દાંત આવવાની ચોક્કસ સમય હોય છે. ઘણા બાળકોને ખૂબ વહેલા તો ઘણાને મોડા દાંત આવતા હોય છે બાળકને દાંત આવતા હોય ત્યારે તેની તબીયત પણ બગડે છે બાળકના જન્મ પછી મહિનાવાર બાળકમાં કેવા પરિવર્તનો આવે છે તેના પર એક વિહંગાવલોકન કરીએ.

પ્રથમ માસઃ સાવ કુમળા બાળકને ઠંડી-કપડાથી અસુખ થાય છે. પ્રથમ સ્વાદ અને સુગંધની ઈન્દ્રીયો જાગે છે. ૨૦ કલાક જેટલું ઉંઘે છે. બીજો માસ : માણસની અવાજ પારખે. જે દિશામાંથી અવાજ આવતો હોય તે તરફ માથું ફેરવે. સંગીત ગમે છે. કયારેક હસે છે. ત્રીજો માસ : માતા કે ધાવણને જોઈ તેડાવવા ઈચ્છીને બે હાથ ઉંચા કરે, એક ધ્યાનથી સાંભળે. ચોથો માસ :માથુ ધીમે ધીમે સ્થીર રાખી શકે, દૂરની વસ્તુઓ લેવા ફાંફા મારે વાંસાને ટેકે બેસવાની શરૂઆત કરે. પાંચમો માસ : જાણીતા-અજાણ્યા માણસો વચ્ચે ભેદ પામી શકે. જે કોઈ વસ્તુ હાથમાં આવે તેને મોં તરફ વાળે. છઠ્ઠો માસ : બેસવાની કોશિશ કરે. રાજી થાય ત્યારે વિવિધ પ્રકારના ઉદ્‌ગારો કાઢે. સાતમો માસ : એક જગ્યાએ સ્થિર રહેવું ન ગમે. આશ્ચર્યના ઉદ્‌ગારો વ્યકત કરે. જીજ્ઞાસાવૃત્તિ ખૂબ વધે. નવમો માસ : આંગળી પકડીને કે હાથના સપોર્ટથી ડગ માંડવા હિમ્મત કરે. આરામ પૂર્વક ચાર પગે ચાલી શકે.

દસમો માસ : મા-બા એવા અક્ષરો બોલવા પ્રયત્ન કરે, ટેકા વગર બેસી શકે. અગિયારમો માસ : કાલા-કાલા શબ્દો બોલે. ના પાડતા ચૂપ થઈ જાય (નકારને સમજી શકે) ત્યારબાદ મહિનાઓમાં ધીમે ધીમે બાળક ચાલતાં-બોલતાં શીખે. વિવિધ પ્રકારના માનવીય ભાવોને ઓળખે. બે વર્ષ બાળક સંપૂર્ણ બોલતાં શીખી જાય. એકાદ લીટી ગાય પણ ખરૂં.

બાળકના વિકાસ થતાં ઉંઘ ઘટતી જાય, ઉંઘની પેર્ટન પણ બાળકે બાળકે બદલાય. અમુક બાળકો દિવસે તેમજ રાત્રે શાંતિથી સુઈ રહે છે. જ્યારે અમુક બાળકો તે ઉંઘ હોતી જ નથી. બાળકોના વિકાસ મુજબ તેઓને ખોરાક આપવો. માંના ધાવણથી ઉત્તમ કંઈ જ નથી. તેની અવેજીમાં ગાયનું દૂધ કે ફોર્મ્યુલા મિલ્ક આપી શકાય. જેમ જેમ બાળકનો વિકાસ થાય તેમ તેમ આહારમાં પરિવર્તન કરવા. હવે જોઈએ બાળકોને થતા અમુક સામાન્ય રોગો અને તેની ચિકિત્સા.

તાવ : તાવ એ બાળકોને થયા જ કરે એવું બને વળી, દાંત આવતા હોય કે ઋતુઓ બદલાતી હોય ત્યારે તો ખાસ બને. શર્દી-ઈન્ફૅકશન સાથે તાવ હોય તો બાલદવા, ત્રિભુવન કિર્તી, કડુ તથા ગળો આપી શકાય. લાંબા સમયથી તાવ આવતો હોય તો આમા અતિવિષ, ગોદંતી ઉમેરી શકાય. ઝાડા : અપચાને કારણે ઝાડા હોય તો આમચપાચન, આનંદ ભૈરવ, ગ્રાઈપ વૉટર આદિ આપી શકાય. દાંત આવતી વખતે ઝાડા થાય તો ગોદંતી, લીમડાના પાનનું ચૂર્ણ અને સૂંઠ આપાય. ઝાડામાં લોહી આવતું હોય તો ગોદંતી, જેઠી મધ, સર્જનરસ આપવા. અજીર્ણ : અજીર્ણ કારણે આફરો ચડયો હોય તો હિંગાઢટક, શંખવટી, કાંકચ્યા આપી શકાય. ઉધરસ : ઉધરસમાં અરડૂસીના પાનનો રસ તથા આદુનો રસ આપવો. આ ઉપરાંત સિતોપલાદિ, જેઠી મધ અને કકડાશિંગી પણ આપી શકાય. ઊંટાટીયું : ખૂબ મોટી ઉધરસ આવે. આ રોગને મટાડતા સમય લાગે. આમા જવખાર નાખેલું ગરમ પાણી પીવું. વાંસની ગાંઠનો ઘસારો આપવો, સિતોપલાદી, ગોદંતી, વજના ચૂર્ણને ચટાડવું. અરડૂસી રસ આપવો.

બાળકને કોઠે એકદમ હદુ હોય છે. વળી, દરેક આહાર તેમજ ઔષધ પ્રત્યે બાળકનું શરીર વિશેષ પ્રતિભાવ આપે છે. આથી બાળકો માટે ચિકિત્સા કરવી હોય તો મન ફાવે તેમ ન કરવી. બાળકની ઉંમર પ્રમાણે તેને અપાતી દવાની માત્રા પ્રત્યે ખાસ કાળજી કરવી. ચિકિત્સકની સલાહ પ્રમાણે જ બાળકને દવાઓ આપવી.

જલારામ બાપાની જન્મ જયંતિએ કોટી કોટી વંદન

વીરપુરમાં એક લોહાણા કુટુંબમાં બે બંધુઓ હતા. પ્રધાન ઠક્કર અને વાલજી ઠક્કર બંને ભાઈઓ સામાન્ય સ્થિતિમાં હતા. નાની હાટડીએ બેસી પરચુરણ વેપાર કરી દાળરોટી કમાતા હતા.

પ્રધાન ઠક્કર ધર્મ ભાવનાવાળા જીવ તેમના ધર્મ પત્ની રાજબાઈ પણ હતા. સુશીલ પતિ પરાયણ. પતિ-પત્ની પરમાનંદથી રહેતા હતા. પ્રભુ પરાયણ જીવન જીવી રહ્યા હતા.

પ્રધાન ઠક્કરને એક પુત્ર હતો તેનું નામ હતું બોધાભાઈ તે પાંચ વર્ષનો હતો ત્યારે એક વખત અયોધ્યાથી દસેક સાધુઓની મંડળી જેના મહંત રઘુવીરદાસજી તે દ્વારકાની યાત્રાએ જતા હતા રસ્તામાં વિરપુર આવ્યું.

સાધુઓ ભૂખ્યા હતા સાધુ મંડળી બજારમાં ફરી પુછવા લાગી અહીં કોઈ રામરોટી આપશે... ? દસેક સાધુને જમાડે એવો હરિનો લાલ આ ગામમાં છે..?

બાપુ ! ઈ પ્રધાન ઠક્કર લુવાણો છે એની ઘરવાળી પણ શ્રદ્ધાળુ છે ઈને ઘરે પૂગો તો કંઈક વ્યવસ્થા થઈ જશે. સાધુ મંડળી પહોંચી પ્રધાન ઠક્કરતા ને ઘરે ભૂખ્યા સાધુને રામ રોટી આપો ભગવાન તમારૂં ભલે કરે. ઘરમાંથી રાજબાઈ બહાર આવ્યા આવ્યા સાધુ સંતોને ઓસરીમાં બેસાડ્યા જલપાન કરાવ્યું.

રાજબાઈ માતાએ રસોઈ તૈયાર કરી સાધુસંતોને પ્રધાન ઠક્કરે પ્રેમથી આગ્રહ કરી જમાડ્યા. પ્રધાન ઠક્કર અને રાજબાઈ માએ દીકરા બોધાને સંતોના ચરણમાં નમન કરાવી આશીર્વાદ માગ્યા.

મૈયા! તારો આ બાળક સુખી રહે પરંતુ તારી કુખે હવે જે બાળક અવતરશે તે બડભાગી થશે. રામનો પરમ ભક્ત થશે. તમારા આખા કુળની નામના વધારશે. ઈ બાળકની કીર્તિ દિગંતમાં ગાજશે. આ વિરપુર ગામ જગ પ્રસિદ્ધ થાશે. મા! તારૂં કલ્યાણ થાઓ.

સંતની વાણી સાચી પડી રાજબાઈ માતાની કુખે બીજો પુત્ર અવતર્યો તે જલારામ. વિક્રમ સવંત ૧૮૫૬ ની કાર્તિક સુદી સાતમના દિવસે અભિજીત નક્ષત્રમાં માતા રાજબાઈની કુખે ભક્ત શ્રી જલારામનું અવતરણ થયું. જલારામ પછી રાજભાઈને જે પુત્ર અવતર્યો તેનું નામ રાખ્યું દેવજી.

જલારામની ઉંમરે પાંચેક વર્ષની થઈ ત્યારે જ એક પ્રભાવી સંત પ્રધાન ઠક્કરના આંગણે પધાર્યા. રાજબાઈએ ભોજન માટે આગ્રહ કર્યો પણ સંતે તે નકારતા ફક્ત તેના વચેટ પુત્રના દર્શનની માંગણી કરી. મહાત્માએ જલારામને જોઈ પ્રશ્ન કર્યો કે કયું બચ્ચા મેરે કુ પીછાન તે હો? ત્યારે બાળક જલારામે સ્મિત હાસ્ય કરી પુનઃ દંડવત પ્રણામ કર્યા અને હાથ જોડી મસ્તક નમાવ્યું અને તે પછી મહાત્મા તુરત જ અદૃશ્ય થઈ ગયા.

આવો બનાવ જોઈ માતાજી તો વિચારમાં પડ્યા. પરંતુ રઘુવીરદાસજીનું વચન યાદ આવવાથી આ વાત મનમાં સંઘરી રાખી. એમ કરતાં કરતાં જયારે જલારામજીની ઉંમર ૧૪ વર્ષની થઈ ત્યારે પિતાજીએ તેમને યજ્ઞોપવિત સંસ્કાર કરાવ્યો.

નિશાળ છોડ્યા પછી પિતાજીએ જલારામનો સંબંધ (સગાઈ) આરકોટ ગામના ઠક્કર પ્રાગજી સૌમૈયાની દીકરી વિરબાઈ સાથે કર્યા. લગ્ન પછી થોડા સમયે સાધુસંતોને છુટા હાથે દાન આપવા બદલ પિતાએ જલારામને ટોક્યા અને પોતાનાથી જુદા કર્યા પછી તેમને પુત્રવત ગણાતા વાલજી કાકાની દુકાનમાં જલારામ થોડો સમય રહ્યા પરંતુ એક દિવસ સંતોને કપડું અને ગોળ-ઘી લઈને આપવા જતાં સામે બેસતાં એક અદેખો વેપારીએ વાલજી કાકાને રૂબરૂ બોલાવી આ લઈ જતાં હોય! હાથ પકડવાનો પ્રયત્ન કરતાં ગોળ બાંધેલો હતો તે છાણાં થયા અને લોટામાં ભરેલું ઘી પાણી થયું ત્યારે જલારામે પ્રભુકૃપાનો અનુભવ થઈ જતાં તેમણે કાકાની દુકાન પણ છોડીને સેવા પરાયણ જીવન જીવવાનો દૃઢ નિશ્ચિય કર્યો.

તેઓ પિતા તથા કાકાની રજા લઈને ફક્ત સત્તર વર્ષની ઉંમરે ચારધામની યાત્રા કરવા નીકળી પડ્યા. સર્વશ્રેષ્ઠ કુળદિપક ભોજલરામ - ભક્ત અમરેલી પાસે ફતેહપુર ગામમાં રહેતાં હતા તેમની પાસે જઈ કંઠી બંધાવી ભોજલરામને ગુરૂ ધારી આશીર્વાદ મેળવી નમ્રતા પૂર્વક જણાવ્યું કે મહારાજ! મારે સદાવ્રત બાંધવુ છે માટે મારા પર દયા લાવી મને આજ્ઞા આપો. તો આપનાં આશિષથી હું તે કાર્ય કરવા તૈયાર છું.

આવી મનોહર વાત સાંભળી ગુરૂ ભોજલરામજી ઘણા ખુશ થયા અને આનંદપૂર્વક આજ્ઞા આપી કે વત્સ! જા મારો આશીર્વાદ છે ખુશીથી સદાવ્રત બાંધ અને તારો ગૃહસ્થાશ્રમ નિભાવ. અને સાધુસંતોની સેવા કર. તારી મનોવાંચ્છના પ્રભુ પાર પાડશે તને કોઈ વાતની ન્યુન્યતા નહિ આવે! તું અમર નામના મેળવીશ. જા મારો હૃદયથી આશીર્વાદ છે.'

પોતાના પત્ની આ વખતે આરકોટમાં હતા તેમને તેડાવી લઈ પોતાના પિતાજી કાકાથી જુદો આશ્રમ બાંધી બંને પ્રેમાળ અને પ્રભુ ભક્ત દંપત્તિ પ્રભુ ભજનમાં દિવસ વ્યતિત કરવા લાગ્યા. જુદો આશ્રમ બાંધ્યો ત્યારે તેમની પાસે રોકડ રકમ તો શું પરંતુ ઘર વપરાશનું ચીજવસ્તુઓ કે વાસણ પણ નહોતા. પોતાની અંગત મહેનતથી બંને જણા ખેડૂતોના ખેતરમાં જઈ મોલ લણીને નિર્વાહ ચલાવતા. આવી પરિસ્થિતિમાં પણ તેઓએ ૪૦ માપ દાણા એકઠા કર્યા.

૪૦ માપ દાણાનો ઢગલો જોઈ જલારામજી વિચાર કરવા લાગ્યા કે અરે જીવ! અમો ઘરમાં ખાવાવાળા બે જણા અને હજુ આ કાયા કામ કરી શકે છે જેથી દાણા તો ભેગા થયા જ કરશે! એટલે આટલા બધા ભેગા કરીને શું કરશું! પત્ની વિરબાઈને પોતાની પાસે બોલાવીને પૂછ્યું કે હે ભંડારી! આપણે ખાતાપીતા આ ૪૦ માપ દાણાનો વધારો તો કર્યો પણ હવે તેને શું કરશું!

ત્યારે વિરબાઈ બોલ્યા ભક્ત! હું તમારા મનની વાત જાણી ગઈ છે એમાં મને પુછો શું...? ખુશીથી રામનું નામ લઈને ભૂખ્યાને ટુકડો આપવાનું શરૂ કરો આપણા વાલો આપણી લાજ રાખશે.

આવો ધર્મ ભાવનાથી ભરેલો જવાબ સાંભળી જલારામજી ઘણા ખુશ થયા અને પોતાના ગુરૂ ભોજલરામનું સ્મરણ રામ ભરોસે ૧૮૭૬ ના મહાસુદ ૨ ના રોજ વીરપુરમાં પોતાના આશ્રમમાં સદાવ્રત (અન્નદાન) આપવાનું શરૂ કર્યું.

સદાવ્રત બાંધવાની શરૂઆતમાં કોઈ મહાત્મા આવ્યા તેમને જલારામ બાપાને લાલજીની સેવા આપી કહ્યું કે ભક્ત ! આ લાલજીની મૂર્તિની તમે શુદ્ધ મનથી સેવા કરશો! તો હરિહર તમને રિદ્ધિ સિદ્ધિની ખોટ આવવા દેશે નહીં અને તમારા આશ્રમમાંથી હનુમાનજીની એક ગુપ્ત મૂર્તિ છે તે તમોનો આજથી ત્રીજા દિવસે પ્રસન્ન થઈ દર્શન દેશે અને પ્રસિદ્ધ થશે.

આ મહાત્માના કહેવા મુજબ હનુમાનજીની મૂર્તિ તે જ સ્થળે પ્રગટ થઈ દર્શન દીધા જેથી જલારામ બાપાએ ત્યાં જ મંદિર કરી લાલજી અને હનુમાનજીની પૂજા કરવા લાગ્યા અને સદાવ્રત દેવા લાગ્યા. સદાવ્રતનો મહિમા વધવા માંડ્યો લોકો જમવાવાળા ઘણા આવવા લાગ્યા ત્યાર પછી માતા વિરબાઈએ પોતાના દાગીના વગેરે જે કાંઈ કિંમતી ચીજો એમની પાસે હતા તે ભક્તને આપીને કહ્યું કે નાથ! આ ચીજો શું કામની છે તે પણ મારા વાલાની આપેલી છે અને મારા વાલાજીના સાધુતા માટે વાપરવાની માટે છે. આપ કોઈ પણ જાતનો સંકોચ રાખ્યા વગર તેને લઈ જાઓ.

સદાવ્રત શરૂ થયાને લગભગ દસ વર્ષ થઈ ગયા તેવામાં એક દિવસ અચાનક એક વૃદ્ધ મહાત્માના રૂપે પ્રભુ પધાર્યા. મહાત્માએ વૃદ્ધાવસ્થામાં પોતાની સેવા કરે તે માટે જલારામ પાસેથી તેની પત્ની માંગી લીધી જલારામ બાપાએ પત્નીને દાન આપ્યા.

ભગવાને માંગતા તો માગી લીધા તે પણ પછી તો તેમને ભાગવું ભારે થઈ પડ્યું. વીરપુરના પાદર વળોટી થોડા દૂર બેગાઉ ચરખડી ગામે જઈ સાંજ પડી ગઈ હતી. સંતે વિરબાઈને એક ઝાડ નીચે બેસાડી ઝોળી - ધોકો આપ્યા અને પોતે જંગલ જઈને આવે છે એવું બહાનુ કરી નાસી ગયા. મોડી સાંજે આકાશવાણી થઈ અને ભગવાને પોતે પોતાના ભક્તની દાતારીની કસોટીમાંથી પાર ઉતર્યાની કબૂલાત કરી! પછી આકાશવાણી અનુસાર આખા ગામે વાજતે ગાજતે વિરબાઈને માતાનું સામૈયું કર્યું અને ફરીથી જગ્યામાં લઈ આવ્યા.

વાહ પ્રભુ! વાહ મારા નાથ! તારા ગતિ ગહન છે તારી કસોટીમાંથી તારી કૃપાથી જ પાર ઉતરાય છે મનુષ્યનું ગજુ છું ! એમ કહી ભક્ત જલારામ બાપાએ પરમાત્માને પ્રાર્થના કરી.

આ બનાવ વખતે ભક્તરાજ જલારામની ઉંમર માત્ર ૩૦ વર્ષની હતી આ બનાવ પછી ભક્ત જલારામ બાપાની કીર્તિ ચોતરફ પ્રસરી ગઈ અને જલારામ બાપાને એમનાં સેવકો પ્રભુતુલ્ય માનવા લાગ્યા. માતૃશ્રી વિરબાઈમા પ્રભુ ભજન કરતા કરતા સવંત ૧૯૩૫ના કારતક વદ ૯ ને દિવસે સ્વર્ગવાસી થયા સવંત ૧૯૩૬ના વૈશાખ મહિનામાં ભક્તરાજના શરીરે રોગનો ઉપદ્રવ થયો અને હરસની વ્યાધિ જણાવા લાગી.

દેવી ઈચ્છાનુસાર સવંત ૧૯૩૭ ના મહાવદ ૧૦ ને બુધવાર ભજન કરતા કરતા અને સેવકોને બોધ આપતા આપતા ભક્ત શિરોમણી જલારામ મહારાજ દેહ ત્યજી પ્રભુ પદને પામ્યા.

બાપાની અવિરત કૃપા વર્ષાથી ભીંજાતા ભાવિકો એ તો ગાયું કે -
ધન્ય સોરઠની ધરણી આ જ ધન્ય છે આજે વીરપુર ગામ!
માતા રાજબાઈ પિતા પ્રધાન પુત્ર જનમી ઓ જલારામ નામ!

માનવ ધર્મનો બોધ આપનાર આ સંત શિરોમણીને સવંત ૨૦૭૦ ના કારતક સુદ સાતમે ૨૧૪મી જન્મ જયંતિ એ કોટી કોટી પ્રણામ.

વિરપુર મંદિરમાં દાન ભેટ સોગાદ લેવાનું ૨૦૦૦ની સાલથી બંધ કરેલ છે માટે ક્ષમ્ય ગણશોજી એવા બોર્ડ લગાવેલ છે.

- સંકલન કર્તા : જિતુભાઇ આર. સેજાણી